શામળાજી આરટીઓ ઈન્સ્પેક્ટરે લકઝરીના ડ્રાઈવરને ટેક્સ ભરવાનું કહી માર મારતા પોલીસ ફરિયાદ

શામળાજી, તા. ૭

દેશની સૌપ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં.૮ પર સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલા રતનપુર નજીક આરટીઓ ચેકપોસ્ટનું નિર્માણ કરી આરટીઓ ચેકપોસ્ટ પર થતા ભ્રષ્ટાચારને અટકાવવા કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કર્યા બાદ રાજ્યસરકારની તિજોરીની અવાક વધાવાને બદલે સતત ઘટાડો થતા અને શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર અધિકારીઓ, કર્મચારીઓ અને ફોલ્ડરિયાઓની મીલીભગતથી દરરોજ લાખ્ખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની અનેક બૂમો ઉઠી રહી છે. ત્યારે અમદાવાદથી કરોલી મુસાફરો ભરેલી લકઝરી બસ રતનપુર આર.ટી.ઓ ચેકપોસ્ટ પરથી પસાર થયા બાદ માંડ ૩ કી.મી આગળ પહોંચી હશે ત્યારે શામળાજી આરટીઓ ઈન્સ્પેક્ટર એચ.એચ દવેએ ખાનગી કારમાં પહોંચી લકઝરી બસ અટકાવી ડ્રાઈવરને સાઈડમાં લઈ જઈ ટેક્સ ભરવો પડશે તેવું જણાવતા ડ્રાઈવરે શેઠ જોડે વાત કરવાનું જણાવતા એચ.એચ. દવે એકદમ ઉશ્કેરાઈ જઈ ડ્રાઈવરને માર મારતા મામલો

તસવીર : મેહુલ જોષી

શામળાજી પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. લકઝરીના માલિક મહેન્દ્રકુમાર ભગવાનરામ ચૌધરીએ ફરિયાદ નોંધાવતા શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહેન્દ્રકુમાર ભગવાનરામ ચૌધરીના જણાવ્યા અનુસાર તેમની અમદાવાદથી કરોલી મુસાફરો ભરેલી લકઝરી બસ (ગાડી.નં-આરજે-૧૮પીએ-૯૮૫૨) શામળાજી રતનપુર આર.ટી.ઓ ચેકપોસ્ટ પરથી પસાર થયા બાદ માંડ ૩ કી.મી આગળ પહોંચી હશે ત્યારે રંગપુર ગામ નજીક શામળાજી આર.ટી.ઓ.માં ફરજ બજાવતા ઈન્સ્પેક્ટર એચ.એચ. દવે લાલ કલરની ખાનગી કાર (ગાડી.નં.જીજે-૨બીવી-૪૦૪૦)માં પહોંચી લકઝરી બસ અટકાવી મહિનાનો ટેક્સ ભરેલ નથી જણાવી રૂ.૧૦૦૦૦/- માંગી કાલે ટેક્સ ભરી દેજે જણાવતા લકઝરીના ડ્રાઈવરે મોબાઈલ પર શેઠ જોડે વાત કરવાનું કહેતા ડ્રાઈવરનો મોબાઈલ છીનવી લઈ માર મારી લકઝરી બસમાં મુસાફરો સાથે ચેકપોસ્ટ કાંટા પર લાવી મુસાફરોને ઉતારી દીધા હતા જેની જાણ મને થતા હું અમદાવાદથી શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર પહોંચી ટેક્સ પેનલ્ટી સાથે ભરવાની તૈયારી બતાવતા ૧૦૦૦૦ રૂપિયા ના આપતા અલગ અલગ ચાર્જ લગાવી ૭૯૦૦૦થી વધુ દંડ ફટાર્યો હતો જયારે મારી નજર સામે અન્ય એક ટ્રાન્સપોર્ટ કંપનીની લકઝરી બસ અટકાવી ટેક્સ ભર્યો ન હોવા છતાં વહીવટ કરી જવા દીધી હોવાનું આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

શામળાજી આર.ટી.ઓ.ના ઈન્સ્પેક્ટર એચ.એચ. દવે સામે ફરિયાદ નોંધાવતા અરવલ્લી જિલ્લા એ.આર.ટી.ઓ કચેરી અને શામળાજી આરટીઓ કચેરીમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓમાં હડકંપ મચ્યો હતો.

નાયલોન, પ્લાસ્ટીક જેવા સિન્થેટીક કે ચાઈનીઝ બનાવટની દોરીના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકાયો

હાલમાં ઉતરાયણના તહેવાર નિમિત્તે પતંગ ચગાવવા સીન્થેટીક મટીરીયલ, ટોકસીસ મટીરીયલ (ઝેરી તત્વો) અથવા નાયલોન, પ્લાસ્ટીક જેવા સિન્થેટીક કે ચાઈનીઝ મટીરીયલ કે તેના દ્વારા તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાવવામાં આવતા પતંગોને કારણે માણસો અને પક્ષીઓ ઘાયલ તથા મૃત્યુ થતુ હોઈ આ અટકાવવા માટે જીલ્લા કલેકટર સંદીપ સાગલે પાલનપુરને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ જાહેરનામુ પ્રસિધ્ધ કરી સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં પતંગ ચગાવવા સીન્થેટીક મટીરીયલ, ટોકસીસ મટીરીયલ (ઝેરી તત્વો) અથવા નાયલોન, પ્લાસ્ટીક જેવા સિન્થેટીક કે ચાઈનીઝ મટીરીયલ કે તેના દ્વારા તૈયાર કરેલ દોરીનું વેચાણ કરવા તથા ઉપયોગ કરવા પર તા. ૧-૧-૨૦૧૯ થી તા.૧૫-૧-૨૦૧૯ સુધી પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ પ્રતિબંધનો ભંગ કરનાર સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

પોશીના તાલુકાના પિપળીયા પ્રાથમિક શાળાના બાળકોને ખોરાકી ઝેરની અસર

ખાનગી હોસ્ટેલમાં રહેતા બાળકોને સવારે જમ્યા બાદ ખોરાકી ઝેરની અસર થઈ

પોશીના તાલુકાના પીપળીયા પ્રાથમિક શાળાના હોસ્ટેલમાં રહી

તસવીર : રમેશ વૈષ્ણવ

અભ્યાસ કરતા બાળકોને ખોરાકી ઝેરની અસર થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

પોશીના તાલુકાના પીપળીયા પ્રાથમિક શાળા આવેલ છે જેમાં નજીકમા ખ્રિતી સંચાલક ઘ્વારા પીપળીયા હોસ્ટેલ ચલાવવામાં આવે છે. જેમાં ૬ વર્ષ થી ૧૩ વર્ષના ૬૫ બાળકો રહે છે. જેમાં ૧૨ કન્યા અને ૫૩ કુમાર બાળકોનો સમાવેશ થયો હતો. સોમવાર સવારે હોસ્ટેલના સંચાલકો ઘ્વારા સવારે બટાટા પૌઆ અને બપોર જમવામાં રોટલી અને ફલાવર નું શાક આપવામાં આવ્યું હતું અને બાળકો જમી શાળામાં જતા રહ્યા હતા હોસ્ટેલની રેકટર

સુવર્ણબેન ના જણાવ્યા અનુસાર બપોરના ૧ વાગ્યાની આસપાસ શાળાના આચાર્ય નો ફોન આવેલ હતો અને. જણાવેલ કે હોસ્ટેલના બાળકોને ઊલટીઓ થઈ રહી છે. જેથી શાળામાં પહોંચી ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી બીમાર બાળકોને પોશીના સિ.એસ.સી. ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડૉક્ટરસે સારવાર આપી હતી.

ડૉક્ટરના જણાવ્યા અનુસાર પીપલીયા હોસ્ટેલના ૫ કન્યા અને ૩૪ કુમાર મલી કુલ ૩૯ બાળકોને ખોરાકી ઝેરની અસરથી ગેસ્ટ્રીકટ અસરથી ઊલટીઓ થઈ રહી છે અને હાલ સારવાર આપવામાં આવી છે તમામની તબિયત સુધારા પર છે.

શામળાજી વાઘપુરાની હત્યા પ્રકરણે પાંચ સામે ફરિયાદ

શામળાજી, તા. ૭

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક આવેલા વાઘપુર ગામે આદિવાસી સમાજના આધેડનું અગમ્ય કારણોસર મોત નિપજતા પરિવારજનોએ મૃતકના મૃતદેહને દફનાવી દીધો હતો.

પરિવારજનોએ અંતિમવિધિ કરી દીધા બાદ સગા-સંબંધીઓને મૃતકની હત્યા કરવામાં આવી હોવાની આશંકા પેદા થતા ચકચાર મચી હતી. મૃતકના પુત્રએ શામળાજી પોલીસને જાણ કરતા શામળાજી પોલીસ મોટા કાફલા સાથે આધેડને દફાનાવેલ સ્થળે પહોંચી મૃતદેહ બહાર કાઢી પી.એમ.અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો જેમાં મૃતકનું મોત મૂઢ મારવાથી થયું હોવાનું આધેડને બકરા ચોર સમજી માર મારનાર કુંડોલ ના ૫ શખ્સો સહીત ટોળા સામે હત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજીના વાઘપુર ગામના પુનાજી કાવાજી બોડાતનું ૨૫ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ નજીક આવેલા કુંડોલ ગામ નજીક કામકાજ અર્થે જતા આજુબાજુના લોકોએ મરણજનાર વ્યક્તિ ચોર હોવાનું માની માર મારતા તેની તબિયત લથડતા તેના પુત્ર રમેશભાઈ બોડાતને શામળાજી પોલીસે જાણ કરતા તેમનો પુત્ર ઘરે લઈ ગયો હતો અને પરિવારજનોની હાજરીમાં સામાજિક રીતરિવાજ મુજબ અંતિમક્રિયા કરી મૃતદેહને દફનાવી દીધો હતો. ૮ દિવસ પછી મૃતકના પુત્ર અને પરિવારજનોએ પુનાજીની હત્યા થઈ હોવાની આશંકા દર્શાવતા શામળાજી પોલીસે બુધવારે તેમના પુત્રની જાહેરાતના આધારે પંચોની હાજરીમાં મૃતક પુનાજી કાવાજી બોડાતની દફનાવેલા મૃતદેહ બહાર કાઢી અમદાવાદ પી.એમ માટે મોકલી આપી હતી. પી.એમ રિપોર્ટમાં પુનાજીનું મોત મૂઢ મારથી થયું હોવાનું બહાર આવતા પુનાજીને ચોર સમજી માર મારનાર ભિલોડા તાલુકાના કુંડોલ ગામના ભરત જેરાભાઈ ખાંટ, ચંદુ ભેમાભાઈ ખાંટ, કાંતિ નાનજી ભાઈ ખાંટ, ધુળા બાલાભાઈ ખાંટ, કાળુ ઝાલમભાઈ ગોધા સહીત બીજા ટોળાના માણસો સામે મૃતકના પુત્ર રમેશ પુનાજી બોડાતની ફરિયાદ આધારે ઈ.પી.કો કલમ ૩૦૨, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા એટ્રોસિટી એક્ટ ૩ (૧) (ઈ) તથા ૩(૨)(૫) મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

તસવીર : કાંતિલાલ લોધા

ડીસા એક્સિસ બેંક સામે રોડ પર પાર્કિંગના અભાવે વાહનોનો ખડકલો

ડીસા શહેરમાં આવેલી કેટલીક કોમર્શિયલ બેંકોના મકાનો આગળ પાર્કીંગના અભાવે વારંવાર ટ્રાફીક ચક્કાજામની સ્થિતિ સર્જાય છે. શહેરની કેટલીક બેન્કોમાં તો પોતાના સ્ટાફના વાહનો મુકવા માટે પણ પાર્કીંગની સુવિધા નથી જેમાં શહેરના બગીચા વિસ્તારથી એસસીડબલ્યુ હાઈસ્કૂલ તરફ જતા માર્ગમાં આવેલી એક્સિસ બેંકની પણ કંઈક આવી જ હાલત છે. એક્સિસ બેન્ક ડીસા શાખામાં બેંક દ્વારા કોઈ પણ પાર્કીંગ નથી એટલે વાહનોની કતારો અડધા રોડ સુધી પ્રસરી જાય છે. ઘણીવાર આખો રોડ વાહનોથી ભરાઈ જતા રસ્તો બ્લોક થઈ જાય છે. આ બેંકની બાજુમાં થઈને સોસાયટીમાં જતી ગલીમાં પણ બેંકમાં આવતા ગ્રાહકો પોતાના વાહનો ઉભા રાખે છે એટલે સોસાયટીના લોકોને અવરજવર માટે ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે. કેમ કે બેંકને કાયદેસર પાર્કીંગની જગ્યા ન હોવાથી ના છૂટકે વાહનચાલકો રસ્તા પર વાહનો ઉભા રાખે છે.

ઊંઝાના કંથરાવી લૂંટકેસના આરોપીને પાંચ વર્ષની સજા

ઊંઝા, તા. ૭

ઊંઝા તાલુકાના કંથરાવી ગામની સીમમાં એક બાઈકચાલકને લૂંટી લેવાના ગુનામાં પકડાયેલ બે આરોપીઓ પૈકી એક આરોપીને સદર ગુનામાં તક્સીરવાન ઠરાવી નામદાર ઊંઝા અદાલતે પાંચ વર્ષની સખ્ત કેદ અને દસ હજાર રૂપિયા દંડની સજા ફટકારી છે. જ્યારે અન્ય એક આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હૂકમ કરાયેલ છે.

વિગત એવી છે કે ગત તા. ૧૬-૬-૨૦૧૭ના રોજ ઊંઝા તાલુકાના કંથરાવી ગામની સીમમાં કંથરાવી-મણુંદ રોડ પર બપોરના સમયે ફરિયાદી વાઘેલા રાજેન્દ્રસિંહ શંભુજી મોટરસાયકલ લઈ જતા હતા ત્યારે બાઈક પર આવેલા કેટલાક શખ્સોએ રસ્તો પુછવાના બહાને મોટરસાયકલ સવારને થોભાવ્યા હતા. બાદ અચાનક તેમને ધક્કો મારી નીચે પાડી દઈ તેમની પાસેથી રોકડ રકમ, સોનાનો દોરો અને મોબાઈલ મળી કુલ ૧.૬૦ લાખની મત્તાની લૂંટ ચલાવી હતી. આ અંગે બે આરોપીઓ સામે ઈપીકો કલમ ૩૯૪, ૧૧૪, ૪૦૩ મુજબ ગુનો નોંધાયો હતો.

સદર કેસ નામદાર ઊંઝા અદાલતના એડી. ચીફ જ્યુ. મેજી. એચ.જે. ઠાકરની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકિલ વિજાય બી. બારોટની ધારદાર દલિતો અને ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ બે આરોપીઓ પૈકી પલક ઉર્ફે પરવેઝ પરસોત્તમભાઈ ભાવસાર વટવા અમદાવાદને પાંચ વર્ષની સખ્ત કેદ અને દસ હજાર રૂપિયા દંડની સજાનો હૂકમ કરાયો હતો. જ્યારે અન્ય આરોપી પિન્ટુકુમાર દિનેશભાઈ નાઈ વિસલવાસણના તા. પાટણને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હૂકમ કરવામાં આવ્યો હતો.

ઉંધીયા-જલેબીની મોજ વચ્ચે દિવ્યાંગ માટે પતંગ મહોત્સવ

અમદાવાદ, તા.૭

અમદાવાદ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો પ્રારંભ થયો હતો ત્યારે બીજીબાજુ, શહેરના પાલડી વિસ્તારમાં અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ખાતે આજે ઓમ્કાર ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ બાળકો માટે આયોજિત અનોખો પતંગ મહોત્સવ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો હતો. જાણીતા ઓમઋષિ સંત શ્રી અને ઓમ્કાર ફાઉન્ડેશન ટ્રસ્ટના સ્થાપક પ્રીતેશભાઈએ દિવ્યાંગ અને મેન્ટલી રિટાર્ડય બાળકોને પ્રોત્સાહન આપવા અને તેઓને રોકડ રકમ સહિતના પ્રોત્સાહક ઈનામો એનાયત કરવા માટે ખાસ હાજરી આપી હતી. દિવ્યાંગ બાળકો માટેના આ અનોખા પતંગ મહોત્સવમાં અમદાવાદ શહેર, તેની આસપાસના વિસ્તારો, વડોદરા, સાણંદ, ધોળકા સહિતના વિસ્તારોમાંથી ૫૦૦થી વધુ દિવ્યાંગ બાળકો તેમના વાલીઓ સાથે ભાગ લેવા આવ્યા હતા. દિવ્યાંગ બાળકોએ તેમના માટે ડીજેના તાલ અને મ્યુઝિક પાર્ટી, ડાન્સ-ધમાલ, મસ્તી તેમ જ ઉંધીયા-જેલીબીની જયાફત વચ્ચે પતંગ ચગાવવાની અને પેચ કાપવાની જબરદસ્ત મોજ માણી હતી. જે દરમ્યાન દિવ્યાંગ બાળકોના ચહેરા પરની નિર્દોષ ખુશી અને આનંદ જોઈ દિવ્યાંગ પતંગ મહોત્સવ સાચા અર્થમાં સફળ થયો હોય તેવી અનુભૂતિ વર્તાઈ હતી. આજના પતંગ મહોત્વસ દરમ્યાન દિવ્યાંગ બાળકોએ રંગબેરંગી ફુગ્ગા ખુલ્લા આકાશમાં ઉડાડી પ્રેમ અને શાંતિનો અનોખો સંદેશો પણ આપ્યો હતો. આ પ્રસંગે જાણીતા ઓમઋષિ સંત શ્રી અને ઓમ્કાર ફાઉન્ડેશન ટ્રસ્ટના સ્થાપક પ્રીતેશભાઈએ જણાવ્યું હતું કે, દિવ્યાંગ બાળકોને પણ નોર્મલ માણસોની જેમ તહેવારોની ખુશી, આનંદ અને મનોરંજન મેળવવાનો પૂરેપૂરો અધિકાર છે તેવો સંદેશો આપવાના આશયથી આ દિવ્યાંગ પતંગ મહોત્સવનું આયોજન કરાયું છે. તેઓ છેલ્લા ૨૫ વર્ષોથી દિવ્યાંગો માટે સતત કાર્યરત અને સેવાકાર્યો કરતા આવ્યા છે અને એક પછી એક અનેકવિધ પ્રોજેકટો દિવ્યાંગોના ઉત્કર્ષ અને પગભર કરવા માટે અમલમાં મૂકી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં તેઓ ઓમ્કાર દિવ્યાંગ ટ્રેનીંગ સેન્ટર સ્થાપવામાં આવશે.

સરદારધામ મિશન-૨૦૨૬ અંતર્ગત ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (જીપીબીએસ)-૨૦૨૦નો પ્રિ-લોન્ચીંગ કાર્યક્રમ

સરદારધામ ટ્રસ્ટ ૨૦૧૫માં કાર્યાન્વિત થયા બાદ સરદારધામના બંધારણની જોગવાઈઓને અનુરૂપ બંધારણના હેતુ, ઉદ્દેશઓને કેન્દ્ર સ્થાને રાખી મિશન, વિઝન અને ગોલ્સ નક્કી કરેલ છે અને તે દિશામાં પરિણામલક્ષી કામગીરી થાય અને સરદારધામનું મહત્વપૂર્ણ સૂત્ર (સ્લોગન) ''એકતાથી સમૃદ્ધિની દિશા''માં સમાજના સર્વાંગી વિકાસ માટે વિકાસના ક્ષેત્રો જેવા કે શિક્ષણ, આર્થિક વિકાસ માટે ઉદ્યોગ, ધંધા, રોજગાર અને તે માટે બે મહત્વના સ્તંભ તરીકે સિવિલ સર્વિસ તાલીમ કેન્દ્રો દ્વારા જાહેર સેવામાં જોડાણ અને ઉદ્યોગ/ધંધા મુખ્ય પાયા છે. સરદારધામે ૮ સંસ્થાઓ સાથે જે સિવિલ સર્વિસ કેન્દ્રના સંચાલન માટે સમજૂતી કરાર કરેલ છે. આજ સુધી ૨૪૧ની સંખ્યાના યુવક/યુવતીઓને જાહેર સેવામાં નિમણુંક મેળવાવની તક મળી છે અને યુપીએસસી/જીપીએસસી દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ પરિણામો મળ્યા છે. જુદા-જુદા સંવર્ગમાં પસંદ પામેલા ઉમેદવારોની સંખ્યા જોઈએ તો વર્ગ-૧ માં ૮ વર્ગ-૨ માં ૩૦ વર્ગ-૩માં ૨૦૩ના ઉમેદવારો પસંદગી પામી સરકારમાં નિમણુંક મેળવી છે અને જીપીએસસીની વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષામાં ૩૭૫ જેટલા વિદ્યાર્થીઓ પાસ થયા છે.

સમાજના ઉદ્યોગ/ધંધાના વિકાસ માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (જીપીબીએસ) તા. ૫-૬-૭ જાન્યુઆરી-૨૦૧૮માં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલ અને તે સાથે એક્ઝીબીશન પણ રાખવામાં આવેલ અને આ સમિટમાં તમામ ક્ષેત્રના ૬૦૦૦ જેટલા બિઝનેસમેનો/ઉદ્યોગકારો ઉપસ્થિત રહેલ અને આ કાર્યક્રમની સફળતા જોતા એ જ સમયે દર બે વર્ષે એટલે કે જે વર્ષે રાજ્ય સરકારનો વાયબ્રન્ટ સમિટ યોજાય તેના પછીના વર્ષે ૨૦૨૬ સુધી જીપીબીએસ યોજવાનું નક્કી કરેલ છે.

એલઆઈજી આવાસો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રહેશે. જયારે આ આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે રૂ ૩ લાખની સહાય મળશે. આવાસની કીંમત રૂ ૮.૫૦ લાખની રહેશે. સાત મજલાની આ આવાસ યોજના અન્વયે અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. ટેન્ડર પ્રકીયાના અંતે ટુંકમાં કામગીરી પણ શરૂ કરી દેવાશે. ગુડા દ્વારા અગાઉ પણ રાયસણ ,ચિલોડા અને અડાલજમાં આછી આવક ધરાવતા પરિવારજનો માટે નવા આવાસો તૈયાર કરાયા હતા. પરંતુ હજુ પણ નવા આવાસોની જરૂરિયાત હોવાથી સરગાસણ અને ચિલોડા ખાતે નવા મકાનો બાંધવા માટે આયોજન કરાયુ છે. જો કે રાયસણ અને ચિલોડામાં નવા આવાસો બાંધવામાં આવ્યા બાદ જાળવણીના મામલે અનેક સમસ્યાઓ સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે.

રોકાણ માટેનું મંચ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નેતૃત્વમાં આ રાજ્ય સરકારનો શરૂઆતથી જ લક્ષ્ય રહ્યો છે કે ગુજરાતને વૈશ્વિક રોકાણકારો માટે રોકાણના એક શ્રેષ્ઠ સ્થળ તરીકે પ્રસ્થાપિત કરવું એટલું જ નહીં રાજ્ય સરકારના પ્રયાસોને કારણે જ આ સમિટ માત્ર ગુજરાત માટે જ નહિ પરંતુ ભારતના દરેક રાજ્યોમાં રોકાણ માટેનું સર્વશ્રેષ્ઠ મંચ બન્યું છે. જેના કારણે પ્રત્યેક સમીટમાં વધુને વધુ રાજ્યો ભાગ લઈ રહ્યા છે. વર્ષ - ૨૦૧૭ માં ચાર રાજ્યોએ ભાગ લીધો હતો અને વર્તમાનમાં તે આંક વધીને બમણો એટલે કે આઠ થયો છે. પત્રકાર પરિષદને સંબોધતાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે જણાવ્યું હતું કે ભારતના રાજ્યો ઉપરાંત અન્ય કન્ટ્રી સેમિનાર યોજાશે જેમાં ૨૨ દેશોનું પ્રતિનિધિત્વ હશે. તેમજ તેમના માટે ખાસ પેવેલિયન પણ તૈયાર કરશે. આ દેશો પૈકી દ્વિ-વાર્ષિક સમિટમાં ૧૫ દેશ ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરવા સંમતિ દર્શાવી છે. સમિટમાં યોજાનારા કન્ટ્રી સેમિનારોમાં સેમિનારમાં જર્મની, કેનેડા, જાપાન, ડેનમાર્ક, નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોનું પ્રતિનિધિત્વ હશે અને તેમના સામર્થ્ય અને રસના ક્ષેત્રો રજૂ કરશે. આ સમિટમાં વિવિધ દેશના સેમિનારમાં ભારતીય પ્રતિનિધિઓ વિદેશી સહયોગીઓ સાથે સંવાદ સાધીને તેમની સાથે વિચારોનું આદાન-પ્રદાન કરશે તેમજ ઔદ્યોગિક વિકાસ, વેપાર અને ટેકનોલોજીની આપ-લેની ઉત્તમ તકો રજૂ કરશે.

જાપાનીઝ, જર્મન, અમેરિકન સહિત અન્ય યુરોપયિન સ્થિત કંપનીઓએ ભારતીય કંપનીઓ સાથે મેન્યુફેકચરિંગ ટેક્નોલૉજીમાં ક્ષેત્રમાં સાથે મળીને કાર્ય કરવામાં વિશેષ રસ દાખવ્યો છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

અનામત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભાની ચૂંટણીમાં ત્રણ રાજ્યોમાં મળેલી હારને ધ્યાનમાં લઈને આને સવર્ણ લોકોને પોતાની તરફેણમાં લાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. કેન્દ્ર સરકારે આર્થિકરીતે પછાત સવર્ણો માટે ૧૦ ટકાના ક્વોટાના પ્રસ્તાવને પાસ કરી દીધો છે પરંતુ તેને પસાર કરવાની બાબત હજુ મુશ્કેલ દેખાઈ રહી છે. સરકારને આના માટે બંધારણમાં સુધારા કરવાના રહેશે. સંસદમાં અન્ય પક્ષોના સમર્થનની પણ જરૂર રહેશે. કેબિનેટે આ પ્રસ્તાવ મંજુર કરતાની સાથે જ કોંગ્રેસ, એનસીપી અને આમ આદમી પાર્ટીએ સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. મોદી સરકારે લોકસભા ચૂંટણી પહેલા જ આ મોટો દાવ રમ્યો છે અને ૧૦ ટકા અનામતનો માસ્ટરસ્ટ્રોક રમી દીધો છે. એસસી અને એસટી અનામત સાથે જોડાયેલા વટહુકમ પર સામાન્ય વર્ગની નારાજગીનો સામનો કરી રહેલી ભાજપ સરકારને આ પ્રસ્તાવથી ખુશી દેખાઈ રહી છે. ત્રણ રાજ્યોમાં હાર થયા બાદ સામાન્ય વર્ગના લોકોને ખુશ કરવાના હેતુસર આ હિલચાલ જોવામાં આવે છે. જનરલ કેટેગરીના લોકો ભાજપના પરંપરાગત વોટબેંક તરીકે છે. આવી સ્થિતિમાં ૨૦૧૯થી પહેલા સવર્ણોની નારાજગી ઘટાડવાની બાબત ખુબ ઉપયોગી બની ગઈ હતી. સરકારે આ પ્રસ્તાવને મંજુરી આપીને સવર્ણોને ફરીથી પોતાની પાસે લાવવાના પ્રયાસ કરી દીધા છે.

સમર્થન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવશે કે ભાજપે માત્ર સ્ટંટ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. બીજી બાજુ પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજયસિંહે પણ મોદી સરકારના આ નિર્ણય સામે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, આર્થિકરીતે નબળા સવર્ણ જાતિઓ માટે મોદી સરકારે ૧૦ ટકા અનામતનું સ્વાગતરુપ ચૂંટણી વચન આપી દીધું છે. જો કે તેમણે કહ્યું હતું કે, ૫૦ ટકાથી વધુ અનામત ઉપર કોર્ટે પ્રતિબંધ મુક્યો છે. આવી સ્થિતિમાં કઈરીતે આગળ વધવામાં આવશે તેને લઈને પ્રશ્ન થઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા અને ઉત્તરાખંડના પૂર્વ મખ્યમંત્રી હરિશ રાવતે પણ આને ચૂંટણી સ્ટંટ તરીકે ગણાવીને વિલંબથી લેવામાં આવેલા પગલા તરીકે આને ગણાવીને ટિકા કરી છે. તેમણે કહ્યું છે કે, ચૂંટણી નજીક આવી છે ત્યારે આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

લોલીપોપ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સહિતના રાજ્યોમાં સવર્ણ સમાજ ભાજપથી નારાજ હોઈ તેમને મનાવવાનો ઉપાય હોઈ શકે છે. પરંતુ આ અનામત આગામી ત્રણ મહિનામાં મળી જવી જોઈએ. સરકારની આ જાહેરાત લોલીપોપ સાબિત ન થવી જોઈએ તે મુખ્ય વાત છે. સવર્ણોની અનામતની લડાઈને તોડવાનો પણ આ કારસો હોઈ શકે છે. કેન્દ્રની મોદી સરકારનો આ જુમલો સાબિત ન થાય તેવી અમારી આશા છે. એક તરફ રૂપાણી સરકાર ગુજરાતમાં અનામત આપવા માટે સવર્ણોનો સર્વે કરાવવાની વાત કરતી હતી ત્યારે કેન્દ્રની મોદી સરકારે કોઈ સર્વે કરાવ્યા વિના કેવી રીતે આ નિર્ણય લઈ લીધો? જો સરકારે અનામતનો નિર્ણય પહેલા લીધો હોત તો ૧૪ પાટીદાર યુવાનોના મોત થયા ન હોત. પરંતુ એક વાત એ પણ છે કે, વડાપ્રધાન મોદી પાસે રહેલુ અનામતનું તીર નીકળી ગયું છે. સરકાર હવે સંસદમાં કેવી રીતે આ અનામત મંજૂર કરાવે છે તે જોવુ રહ્યું. દરમ્યાન એસપીજીના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલે જણાવ્યું હતું કે, અમે સરકારના નિર્ણયને આવકારીએ છીએ પણ આ જાહેરાત ટકાઉ હોવી જોઈએ. માત્ર ચૂંટણીલક્ષી જાહેરાત બની ન જાય તેનું સરકારે ધ્યાન રાખવું પડશે. જો તેનો સાચા અર્થમાં અમલ નહી થાય તો, અમારું અનામતને લઈ આંદોલન ચાલુ રહેશે.

ઐતિહાસિક જીત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લીધા બાદ ઓસ્ટ્રેલિયાને ફોલોઓનની ફરજ પાડી હતી. કુલદીપે હેઝલવુડની વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાની પ્રથમ ઈનિંગ્સનો ઈનિંગ્સનો અંત આણી દીધો હતો. હેઝલવુડે ડીઆરએસનો ઉપયોગ કર્યો હતો પરંતુ ત્રીજા અમ્પાયરે પણ તેને આઉટ જાહેર કર્યો હતો. ત્યારબાદ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયાને ફોલોઓનની ફરજ પાડી હતી. છેલ્લા બે દિવસ દરમિયાન રમત વરસાદના કારણે મોટા ભાગે બગડી હતી. જેથી સિડનીમાં ટેસ્ટ મેચ જીતવાથી ભારત વંચિત રહી ગયુ હતુ. આજે ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ્સ આગળ વધનાર હતી. ચાહકો રમત રમાય તેમ ઈચ્છતા હતા. ઈંગ્લેન્ડની સામે નોટિંગ્હામમાં ૨૦૦૫ બાદ પ્રથમ વખત ઓસ્ટ્રેલિયન ટીમમાં ફોલોઓનની ફરજ પડી છે. આ પહેલા સતત વરસાદ અને ખરાબ હવામાનના લીધે રમત બગડી હતી. પોતાની જમીન ઉપર ઓસ્ટ્રેલિયાની ટીમ ૧૯૮૮ બાદ પ્રથમ વખત ફોલોઓનનો સામનો કરી રહી છે. તે વખતે પણ ઓસ્ટ્રેલિયાની ટીમને ઈંગ્લન્ડની સામે સિડનીમાં ફોલોઓનનો સામનો કરવો પડ્યો હતો. ભારતની જીત સાથે ચાહકો રોમાંચિત થઈ ગયા હતા.

૧૩ પ્રોજેક્ટો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ઈ-ટેન્ડરિંગ પોલિસી ૨૯મી જાન્યુઆરી ૨૦૧૩ના દિવસે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી હતી. સીબીઆઈએ સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવની ભૂમિકા અંગે આજે માહિતી આપી હતી. કારણ કે,